# ગઝલ-વીવેક

ડૉ. વીવેક ટેલર

૧.

પાણી ભરેલાં વાદળોને ખેંચી લાવવા,
ઓછાં પડે છે, દોસ્ત ! આ શહેરોને ઝાડવાં.

એક તો આ રણ વીશાળ છે, ઉપરથી ઝાંઝવાં,
ખુદમાં ડુબી ગયેલને ક્યાંથી તરાવવા ?

તારા વગર આ આંખની રણ જેવી ભોંયમાં,
મૃગજળ ઉગે તો ઠીક, ક્યાં વરસાદો વાવવા ?

પરપોટો થઈ વીલાવાનું જળમાં થયું નસીબ,
હોવાપણાનો દેહ ન ત્યાગી શકી હવા.

એક આ ગઝલ સરીખડા લવચીક દેહને,
છંદો, રદીફ, કાફીયાઃ શું-શું ઉપાડવા ?

કપડું છો ફાટે શ્વાસનું, દોરો નહીં ફીટે,
શબ્દો મળ્યા, હવે બીજા બખીયા શું ટાંકવા ?

૨.

મને શબ્દ જો મળે રાહમાં, તો કહું હું આટલું કાનમાં;
બીજું કોઈ ઘર ના ગમ્યું કદી, મને રાખ તારા મકાનમાં.

આ શરીર યાને જરા હવા કરે આવજાવ વીરાનમાં,
હલે તો હલે કોઈ પાંદડુ, બધું સ્થીર છે અન્યથા સ્થાનમાં.

સદી ગ્યું છે સદીઓથી પીંજરું, ન પુછો મજા શી ઉડાનમાં ?
જુઓ બસ, અમારી આ આંખમાં અને સમજી લો બધું સાનમાં.

કયો પગ લઈ કયા પાણીમાં હું યુગોયુગોથી ઉભો હતો ?
હતી માછલી તો ઘણી છતાં, હું રહી ગયો કયા ધ્યાનમાં ?

પળેપળ બળીને જ જીવ્યો છું, મર્યા બાદ બાળીને કરશો શું ?
મને લઈ જશો ના સ્મશાનમાં, દઈ દેજો દેહ આ દાનમાં.

૩.

કયાં કારણોથી ને કોના પ્રતાપે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા છો આજે ?
કહો, કોણ કોના હીસાબો તપાસે ? તમે ક્યાંના ક્યાં જઈને બેઠા છો આજે ?

હતો મુળનો ને રહ્યો મુળમાં હું, તમે ચાલ સમજી લીધી‘તી સમયની,
બની ફળ મજાના ઉંચી કોઈ ડાળે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા છો આજે ?

હતી શ્વાસમાં જે દીશાઓ, હવાઓ અને સાથે રહેવાની વણખાધી કસમો,
છું હું એ જ છાતીના તુટયા પ્રવાસે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા છો આજે ?

મળો ઝંખનામાં, મળો યાદમાં ને મળો સ્વપ્નમાં પણ ને અલમારીઓમાં
દબાયેલા આલ્બમના એકાદ પાને તમે ક્યાંના ક્યાં જઈને બેઠા છો આજે ?

કદી એક રાવણ, કદી કંસ એક જ હતા પુરતા તમને અવતારવાને,
અમે આજે લાખો-હજારો વચાળે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા છો આજે ?

વીરહ, ઝંખના, યાદ, દુઃખ, સઘળું ટાઢું, કયા ફેફસાંમાંથી હું આગ કાઢું ?
પવન જોઈએ જે અગનને જીવાડે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા છો આજે ?

સમય, શબ્દ ને અર્થની બહાર આવી, બધી ઈચ્છા ત્યાગી ને હોવું વટાવી,
ઉભો છું ક્ષીતીજ પારના આ મુકામે, તમે ક્યાંના ક્યાં જઈને બેઠા છો આજે ?

૪.

મને ન પુછ કે તારા વગર શું છુટકો છે ?
ન પુછ વાયુને, વાયા વગર શું છુટકો છે ?

નસીબમાં નહીં, મહેનતમાં ફક્ત માને છે,
એ હાથમાં ય જો... રેખા વગર શું છુટકો છે ?

વસંત જેવી તું આવીને વળગી બેસે તો,
આ કાષ્ઠનેય મહોર્યા વગર શું છુટકો છે ?

ન હોય કોઈ જ્યાં બંધન ત્યાં કેવી આઝાદી ?
જો વહેવું હોય તો કાંઠા વગર શું છુટકો છે ?

જીવન-મરણની તમે વાત લઈને બેઠા છો...
અને જીવો-મરો સ્વેચ્છા વગર, શું છુટકો છે ?

ભલે ને તું નહીં દેખાતો હોય ક્યાંય છતાં,
તું છે વાતને માન્યા વગર શું છુટકો છે ?

ભલે ને સોમી ગઝલ લખતો હોઉં હું તો પણ
વીતેલી પળ ફરી જીવ્યા વગર શું  છુટકો છે ?

૫.
ગત-અનાગત બેયનો ફાળો હશે,
લોહીઝાણ એથી શું વચગાળો હશે ?

હું હજી નીચે છું બસ એ વાતથી
થાય છે સાબીત, ઉપરવાળો હશે !

સ્વપ્નને કહેજો પગરખાં વાપરે,
પાંપણોનો માર્ગ પથરાળો હશે.

વરસો રાખે એને ક્ષણમાં છોડે જીવ,
મૃત્યુનો દેહ ઓર રુપાળો હશે ?

ઝાંઝવાના પગ લઈ સૌ દોડતાં -
ક્યાંક તો રણદ્વીપ હરીયાળો હશે !

પેન લેતામાં ઉમડશે, ધાર્યું'તું,
ધાર્યું ન્હોતું, શબ્દ નખરાળો હશે.

૬.
શબ્દો છે મારા શ્વાસ અને કાવ્ય પ્રાણ છે,
ચારેતરફ આ લોહીમાં અક્ષરની આણ છે,

સીદ્ધાર્થમાંથી હર ક્ષણે ગૌતમ બનું છું  હું,
લોહીનું શબ્દે-શબ્દે કલમમાં પ્રયાણ છે.

ઈન્દ્રીયના આ ઢોરને કાબુમાં કરશો કેમ?
દરવાજા છોને બંધ હો, ખુલ્લી ગમાણ છે,

અણઆવડતનું બહાનું હવે કેમ કાઢશો?
ઉભા છો જ્યાં આ પાણી તો ઢીંચણસમાણ છે.

બોલે જો હોઠ જુઠું, સીધું આંખમાં જુઓ,
વર્ષો જુનો ઈલાજ છે પણ રામબાણ છે,

બે-ચાર શ્વાસ સુધીની તકલીફ છે બધી,
આગળ પછી આ રસ્તામાં સીધું ચઢાણ છે.

## ગીત

૧.

બટકેલી ડાળ તમે તોડી શકો છો, દોસ્ત! બગડેલા સંબંધનું શું?
કહેવું ન હોય તો ન કહેવાની છુટ, હું તો પુછું છું અમથું અમસ્તું.

સાથે પગલાં માંડ ચાલ્યા'તા પાંચ ત્યાં તો
રસ્તાને આવી ગઈ આંચ;
અડવાનું ભોંયને શીખ્યા'તા માંડ એમાં
સપનાને વાગી ગ્યો કાચ,
મળી શકો એ પહેલાં છુટા પડો એવા સગપણનું નામ બીજું 'હું'?
કહેવું ન હોય તો ન કહેવાની છુટ, હું તો પુછું છું અમથું અમસ્તું.

આંખોના પાદરમાં કુવા છલકાય કેમ?
હૈયાના મોલ કેમ ભારે?
અળગા થવાની કોઈ વેદના ન હોય તો
ઉઠે શીદ નેણ વારે-વારે?
દફનાવી દઈએ બધું મળી સમજીને પછી ઉગે એ કુંપળનું શું?
કહેવું ન હોય તો ન કહેવાની છુટ, હું તો પુછું છું અમથું અમસ્તું.

સહ-બંધ ગણો કે સંબંધ કહો એમાં કંઈ
નફો નુક્સાન તો જોવાય નહીં;
આંખોનાં વાદળીયાં ઘેરાશે કાલ કહી,
દરીયા કંઈ કાળના ભુંસાય નહીં,
દીલનો સુરજ તપે આજે તો આજે, ને કાલે તપે તો કાલે ચોમાસું.
કહેવું ન હોય તો ન કહેવાની છુટ, હું તો પુછું છું અમથું અમસ્તું.

## મુક્તક

મારી દુઆ સાચી હશે તો કોક' દી ફળશે તને,
મારો પ્રણય સાચો હતો એની સમજ પડશે તને;
પથ્થર છું છો તુજ રાહનો, ઠોકર નથી, ના..ના..નથી,
પગ મુક, ઉંચાઈ પગથીયાની સદા મળશે તને.

# હાઈકુ

ખાલી આભને
શ્રાવણનાં, બનાવું
રણની હોડી !

*

અરીસો ફુટે
કણ કણ થૈ જાઉં,
છાયા ન મીટે.

તડકાસળી
વીણીને માળો બાંધે
સમયપંખી.

*

પુષ્પનેત્રમાં
વસંતનું કાજળ,
ભમરો હસે.


ડૉ. વીવેક ટેલર
સંપર્ક : આયુષ્ય મેડી-કેર હૉસ્પીટલ અને કાર્ડીયાક સેન્ટર,
47- સ્વીટી સોસાયટી, ભટાર રોડ, સુરત-395 001
ટેલીફોન : 0261-223 4030/31/32 મોબાઈલ : 98241 25355
ઈ-મેઈલ : dr_vivektailor@yahoo.com વેબસાઈટ : http://vmtailor.com/



'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 143 – –March 02, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in




સર્જક પરીચય

સને ૧૯૭૧માં સુરતમાં જન્મેલા અને સુરતથી જ '૯૬માં એમડી. થયેલા ડૉ વીવેક ટેલર આજે સુરતના ભટાર રોડ પર, પોતાનું જ 'આયુષ્ય મેડી-કેર હૉસ્પીટલ અને કાર્ડીયાક સેન્ટર' ચલાવે છે. ઘણાં ટ્રસ્ટો મારફ્ત ચલાવાતાં સારવાર કેન્દ્રોમાં માનદ્‌સેવા પણ આપે છે. આમ, વ્યાવસાયીક ક્ષેત્રે પણ અને ગઝલની સંગતથી પણ, એમને 'હૃદય' સાથે લગાવ છે. આવી વ્યસ્ત જીંદગીમાંયે 'કાવ્ય' એ એમની પ્રથમ પસંદગી અને મનભાવન નીસ્બત છે. વાચન, લેખન, મુસાફરી, સંગીત, ફોટોગ્રાફી, તરણનો અને વેબસાઈટ સંચાલનનો શોખ ધરાવનાર આ ફુટડા યુવાન દીલદાર દોસ્તી બાંધનારા અને નીભાવનારા અલગારી 'સુરતી લાલા' છે.

ગુજરાતીભાષાની એમની સર્વપ્રથમ સ્વરચીત કાવ્યોની વેબસાઈટ **'શબ્દો છે શ્વાસ મારા'** http://vmtailor.com/ માં તેઓ દર સપ્તાહે પોતાની એક નવી કૃતી મુકે છે. ત્યાં એમની દોઢસો જેટલી રચના, એમણે લીધેલા હૃદયંગમ ફોટોગ્રાફ સાથે ઉપલબ્ધ છે. ગુજરાતી કવીતાના સમૃદ્ધ ખજાના

સમી બીજી એવી જ એક વેબસાઈટ **'લયસ્તરો'** http://layastaro.com/ ની તેઓ સરસ માવજત કરે છે. આજે ત્યાં ૩૫૦થી વધારે કવીઓની ૧૦૦૦ જેટલી રચનાઓ, કવી અને કૃતી પરીચય સાથે ઉપલબ્ધ છે. એમાં એમને અમેરીકાસ્થીત **ધવલ શાહ**નો સજીવ સહકાર સાંપડ્યો છે. ટુંક સમયમાં આ બન્ને દોસ્તો સર્વપ્રથમ **'ઑન-લાઈન ગુજરાતી લીટરેચર મૉલ'** શરુ કરનાર છે, જ્યાં ગુજરાતીભાષાના પસંદગી પામેલાં કેટલાંક પુરા ગ્રંથોની પીડીએફ ઉપલબ્ધ બનશે.

અનેક કાવ્યસ્પર્ધાઓમાં રાજ્યસ્તરે વીજેતા બનેલા આ ગઝલકારની કૃતીઓ ગુજરાતીનાં કે વીદેશનાં મોટા ભાગનાં લબ્ધપ્રતીષ્ઠ સામયીકોમાં આદર ને આવકાર પામી છે.

સુરતની ટોચની પ્રકાશક સંસ્થા **'સાહીત્ય સંગમે'** હાલ સુરતસ્થીત ૪૧ ગઝલકારોની એક **'ગઝલે સુરત'** નામની પુસ્તીકા કરી. તેમાંયે એમની રચનાઓ સ્થાન પામી છે.

આ સર્જક મીત્રના પ્રથમ કાવ્યસંગ્રહની આતુરતાથી રાહ જોતાં જોતાં હવે તો પુછાય જાય છે કે 'હવે ક્યારે?' તો આ મીત્ર વીનમ્રતાથી કહે કે, 'હજી તો હું શીખું છું.' ઉદાહરણ રુપ એમની આ વીનમ્રતા હૃદયને સ્પર્શી જાય છે..સર્વ વાતે સફળતા ઈચ્છીએ આ તબીબ સર્જકને..

-મનસુખ નારીયા અને સુનીલ શાહ

-ગઝલ-સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ સુરતના આચાર્ય-કવી મીત્ર શ્રી. મનસુખ નારીયા (145-શીવશંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત-395 006 ફોન : 0261-254 5772 મોબાઈલ : 94268 12273 ઈ-મેઈલ : vu2mnariya@gmail.com)નો અને અક્ષરાંકન માટે સુરતના શીક્ષક મીત્ર સુનીલ શાહ : sunras2226@yahoo.co.inનો દીલથી આભાર..ઉત્તમ ગજ્જર..

●◆●

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 143 – –March 02, 2008

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in

● મધુરેણ સમાપયેત્ ●

PITTSBURGH POST-GAZETTE ■ THURSDAY, JANUARY 31, 2008 ■ WWW.POST

INTERNATIONAL

**Kidney thefts shock India**

Black market medical ring removed organs from duped laborers



You should be ashamed of your self! Why don't you sell something and make a living? Why don't you sell your kidney?

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

web site : www.ameamericanamdavadi.com